આનંદ 'સ્વ'માં છે.. છતાં મનુષ્ય તેને બહાર શોધ્યા જ કરે છે
- અખંડ આનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૬૬ | ૯ ડિસેમ્બર, ૨૦૧૪, મંગળવાર ; માગશર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં તીવ્ર ઠંડીનું મોજુ

## ગાંધીનગર પર ઠંડીએ હેત વરસાવ્યુ : નગર ઠંડુગાર જનજીવન પ્રભાવિત : સાંજ ઢળતા જ સેક્ટરોની શેરીઓમાં સૂનકાર

ગાંધીનગર, તા. ૮

શિયાળાની મોસમ આક્રમક બનતા ગાંધીનગરમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ઠંડીનો પારો દોઢ ડિગ્રી નીચે ગગડી ૧૨.૫ સુધી પહોંચી જતા શહેરીજનોએ આજે અસહ્ય ઠંડીનો અનુભવ કર્યો હતો. નલીયા સહિતના અન્ય શહેર કરતા પણ ગાંધીનગરમાં ઠંડીની ઋતુ આક્રમક બનતા નગરનું જનજીવન પ્રભાવિત થયું છે. સાંજ ઢળતા જ ઠંડીની અસરથી નગરના માર્ગો પર સુનકાર છવાઈ જાય છે. ગાંધીનગરમાં મોસમની રેકોર્ડ બ્રેક ઠંડી નોંધાઈ છે.

### ક્યા કેટલું તાપમાન

| સ્થળ | લઘુત્તમ તાપમાન |
|---|---|
| ગાંધીનગર | ૧૨.૫ |
| નલિયા | ૧૩.૬ |
| અમદાવાદ | ૧૪.૩ |
| ડિસા | ૧૪.૪ |
| અમરેલી | ૧૫ |
| વલસાડ | ૧૫.૧ |
| વડોદરા | ૧૫.૬ |
| મહુવા | ૧૫.૯ |
| કંડલાએરપોર્ટ | ૧૬.૪ |
| સુરત | ૧૬.૮ |
| પોરબંદર | ૧૬.૯ |
| દ્વારકા | ૧૯.૨ |

મોસના બદલાતા મિજાજ વચ્ચે ઠંડીના તીખા તેવરથી નગરનું જનજીવન પ્રભાવિત થયું છે. અત્યાર સુધી ઠંડીના મામલે ગાંધીનગર ટોપ પર રહેતા નગરજનો આક્રમક શિયાળાની અસરથી ઠંડીમાં ઠૂઠવાઈ રહ્યા છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિગ્રી નોંધાતા સિઝનની રેકોર્ડ બ્રેક ઠંડી નગરજનોએ અનુભવી હતી. લઘુત્તમ અને મહત્તમ વચ્ચે ભારે અસામનતા જોવા મળી હતી. રવિવારે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું હતું એક જ દિવસમાં ઠંડીનો પારો દોઢ ડિગ્રી નીચે ગગડતા સમગ્ર શહેર ઠંડુગાર બની ગયું છે. ઠંડીની અસરના પગલે વહેલી સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ ઘટી રહી છે. જ્યારે સાંજ ઢળતા જ શહેરના માર્ગો ઉપર પણ ઠંડીના લીધે અનોખો સુનકાર જોવા મળે છે. ખુલ્લામાં રહેતા શ્રમિકો ઠંડીથી બચવા તાપણા કરતા નજરે પડે છે. બીજી તરફ સેક્ટરોની શેરીઓમાં પણ ખાલીપો જોવા મળે છે. શિયાળાની શરૂઆતથી જ ઠંડીએ ગાંધીનગર પર હેત વરસાવતા સૌથી વધુ ઠંડી નગરજનો અનુભવી રહ્યા છે. આગામી દિવસોમાં હજુ વધુ ઠંડી પડે તેવી શક્યતા છે.

રાજ્યના ઘણા ભાગોમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જે સંકેત આપે છે કે, હવે ઠંડીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૪.૩ ડિગ્રી થયું હતું. જ્યારે પાટનગર ગાંધીનગરમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. અહીં પારો ગગડીને ૧૨.૫ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. તીવ્ર ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. આવી જ રીતે નલિયામાં તાપમાન ઘટીને ૧૩.૬ ડિગ્રી થઈ ગયું હતું. મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે. અમદાવાદ શહેરમાં પારો ગગડ્યો હતો. પ્રદેશમાં નિચલી સપાટીએ ઉત્તરપૂર્વીય પવન ફુંકાઈ રહ્યા છે. જેથી તાપાનમાં ઉતાર-ચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ગઈકાલની સરખામણીમાં ઘટીને ૧૪.૩ ડિગ્રી રહ્યું હતું. ગઈકાલે તાપમાન ૧૬.૫ ડિગ્રી રહ્યું હતું. આનો મતલબ એ થયો કે તાપમાનમાં મોટો ઘટાડો થયો હતો. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી. તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ યથાવત રહે તેવી શક્યતા છે. ડિસેમ્બર મહિનાના સાત દિવસ થઈ ગયા હોવા છતાં હજુ ઠંડીનો જોરદાર અનુભવ થઈ રહ્યો નથી. વાદળછાયા વાતાવરણના લીધે તીવ્ર ઠંડી લોકો અનુભવ કરી રહ્યા નથી. ગુલાબી ઠંડીનો અનુભવ સવારમાં અને સાંજે થઈ રહ્યો છે.


(તસવીર : કશ્યપ નિમાવત)


પ્રાર્થના - જીવનમાં પ્રાર્થનાનો મહિમા મોટો છે... ઉંડા અંધારેથી પરમ તેજે તું લઈ જા... આ ભાવને ચરિતાર્થ કરવા પ્રાર્થનાનું સમૂહગાન જરૂરી છે. જીવનને ઉર્ધ્વગામી બનાવવા પરમતત્વ સમક્ષ આંખ બંધ કરી, હાથ જોડી અંતરના ભાવની પ્રસ્તુતિ એટલે પ્રાર્થના... શાળા જીવનમાં પ્રાર્થના સંસ્કારની પાઠશાળા બને છે... ગામડું હોય કે શહેર હોય, ગરીબ હોય કે શ્રીમંત હોય- પ્રાર્થના, મનોભાવની અભિવ્યક્તિ છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ઘઉંના વાવેતરનો વિસ્તાર ઘટશે

## જિલ્લામાં રવિ સીઝનમાં ૬૦ હજાર હેક્ટરમાં વાવેતરના અંદાજ સામે હજુ સુધી ૩૩ હજાર હેક્ટરમાં જ વાવેતર

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં મુખ્ય પાક ગણાતા ઘઉંના વાવેતરમાં આ સીઝનમાં ઘટાડો થશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

હવામાનમાં સતત બદલાવ અને ઠંડીના મોડા આગમન તેમજ દિવસ દરમ્યાન ગરમીના વાતાવરણને લઈ ખેડૂતો વાવેતરમાં કોઈ જોખમ લેવાના મૂડમાં જણાતા નથી.

જિલ્લામાં રવિ સીઝનના વાવેતરની મોસમ પૂર્ણ થવામાં હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. મળતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં ઘઉંની વાવેતર જિલ્લામાં ૧૫ હજાર હેક્ટર વિસ્તારમાં થવા પામ્યું છે.

ઘઉંના વાવેતર માટે જોઈએ તેવી ઠંડી હજુ નોંધાઈ નથી તેમજ દિવસ દરમ્યાન ગરમીનું પ્રમાણ સારૂ એવુ નોંધાઈ રહ્યું છે.

રવિ સીઝનમાં ઘઉંની સાથે અન્ય પાકોના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાની શક્યતાઓ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લામાં આમ તો ૬૦ હજાર હેક્ટરમાં રવિ સીઝનનું વાવેતર થતુ હોય છે પણ હાલમાં તો ૩૩ હજાર હેક્ટર વિસ્તારમાં થયું છે.

આ વાવેતર વિસ્તારમાં હજુ થોડો ઘણો વધારો આગામી દિવસોમાં થાય તો પણ તે ૫૦-૫૫ હજાર હેક્ટરથી વધશે નહિ. આમ રવિ સીઝનનું વાવેતર પણ ઘટશે અને તેની સીધી અસરો જિલ્લાના પાક-ઉત્પાદન પર પડશે.

મળતી વિગતો પ્રમાણે બટાટાનું વાવેતર સારૂ થયું છે. આ ઉપરાંત દિવેલાનું વાવેતર પણ સારૂ થયું છે. જો કે આ વખતે ખેડૂતોએ શાકભાજી અને ઘાસચારાના પાકના વાવેતર પર વધારે ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

# જિલ્લાના બે શહેરી અને ૧૦ ગ્રામ્ય વિસ્તારના પાણીની પાઈપલાઈનના મેપીંગ તૈયાર કરાશે

## પાણીના રોગચાળાને ઉગતો ડામવા માટે જિલ્લા વિકાસ અધિકારીએ મહત્વની બેઠક યોજી તંત્રને તાકીદ કરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના ૨ શહેરી વિસ્તારે તેમજ ૧૦ ગ્રામ્ય વિસ્તારની પેયજળની પાઈપલાઈનોનું મેપીંગ તાત્કાલિક કરી તે રજૂ કરવા તેમજ આ ગામોમાં પાણીની પાઈપ લાઈનો કેટલી બદલવા જેવી છે તેનો વિગતવાર અહેવાલ રજૂ કરવા આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિક્ટર મેકવાને તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર સહિત શહેરી વિસ્તારમાં પાણીને લઈ કોઈ સમસ્યા ઉભી ના થાય તે જોવા પણ તાકીદ કરવામાં આવી છે.

જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીશ્રી દ્વારા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ઝાડા - ઉલ્ટીના કેસો નોંધપાત્ર નોંધાયા છે તે ધ્યાને રાખી પાણીના ક્લોરીનેશન અને પાઈપલાઈનોના મેપીંગ માટે આજે એક વિશેષ બેઠક યોજી હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આ કડક તાકીદ કરી હતી.

ગાંધીનગર તાલુકાના સોનારડા ગામે તાજેતરમાં સાદા ઝાડાના નોંધાયેલા બનાવ પછી હરકતમાં આવેલ આરોગ્ય તંત્રએ પાણીની પાઈપ લાઈનો અને લિકેજીસ તેમજ ક્લોરીનેશન માટે તાકિદે કાર્યવાહી થાય તેવો આગ્રહ કરતાં આજે આ મહત્વની બેઠક યોજાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં જુની અને જીર્ણ થયેલ પાણીની ટાંકીઓ ઉતારી લેવા સહિતના મુદ્દાઓની ચર્ચા આ બેઠકમાં થઈ હતી. આ બેઠકમાં આરોગ્ય વિભાગ ઉપરાંત સિંચાઈ, માર્ગ - મકાન તેમજ વાસ્મોના અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં દરેક ગામમાં લીકવીડ ક્લોરીનેશન સિસ્ટમ તબક્કાવાર અમલી બને તે જોવા માટે સંબંધિત અધિકારીઓને ટી.ડી.ઓ. સાથે સંકલનમાં રહી કામગીરી કરવા માટે જણાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત જે ગામોમાં પાણીની પાઈપ લાઈનો જુની છે અને લિકેજીસ વારંવાર થાય છે ત્યાં વાસ્મો સાથે સંકલનમાં રહી ૧૦:૯૦ ની જે યોજના સરકારની છે તેના અમલમાં આગળ વધવા માટે ટી.ડી.ઓ.ને જણાવવામાં આવ્યું છે.

જે ગામોની પાઈપ લાઈનના મેપીંગ રજૂ કરવા માટે તાકિદ કરવામાં આવી છે તેમાં કલોલ અને દહેગામ શહેર ઉપરાંત સોનારડા, સાંતેજ, ખોરજ, પાલુન્દ્રા, હરસોલી, બહિયલ, વજાપુરા, વડોદરા, આદરજ મોટી, ધારીસણાનો સમાવેશ થાય છે.

આગામી મહિનાના પ્રથમ સપ્તાહમાં હેવ પુનઃ આ સમીક્ષા બેઠક મળશે તેમ પંચાયતના સૂત્રો પાસેથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં ગ્રામ્ય પંચાયતો દ્વારા જ ક્લોરીનેશનની સંપૂર્ણ કામગીરી થાય તે માટેની સામગ્રી પણ પંચાયતમાં સ્થાનિક કક્ષાએથી જ થાય તેવો પણ આગ્રહ કરવામાં આવ્યો હતો.

# જનધન યોજના અંતર્ગત જિલ્લામાં એક લાખ નવા બેંક એકાઉન્ટ્સ ખુલ્યા

## સૌથી વધુ ખાતા ખોલવામાં ચાર બેંકો અગ્રેસર : એક બેંકમાં માત્ર ૧૧ ખાતા ખુલ્યા તો કેટલીક બેંકો ૧૦૦ નો આંક પણ પાર કરી શકી નથી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત એક લાખ જેટલા નવા બેંક ખાતાં ખુલવા પામ્યા છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ૧૫મી ઓગષ્ટના રોજ જનધન યોજનાની જાહેરાત કરી હતી અને ૨૮ ઓગસ્ટના રોજ તેનુ વિધિવત્ લોન્ચીંગ કરવામાં આવ્યું હતું.

બેંકોના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૪-૭-૨૦૧૪થી ૩૧-૧૦-૨૦૧૪ સુધીમાં ૯૫,૩૦૩ બેંક ખાતા નવા ખુલ્યા હતા. જેમાં સ્ટેટબેંક ઓફ ઈન્ડિયામાં જ ૧૬,૨૫૭ ખાતા નવા ખુલ્યા હતા. દેનાબેંકમાં ૧૬,૮૦૭ ખાતા, બેંક ઓફ બરોડામાં ૧૨,૯૬૦ ખાતા અને દેના ગુજરાત ગ્રામીણ બેંકમાં ૧૦,૫૦૪ ખાતા ખુલ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં જે ઘર નોંધાયેલા છે તે ૨,૮૯,૯૯૦ છે. આ પૈકી ૧,૬૧,૯૯૪ ગ્રામ્ય વિસ્તારમાં અને ૧,૨૭,૯૯૬ સેમી અર્બન એરિયા અને અર્બન એરિયા છે તે બધાને આવરી લેવામાં બેંકોએ સફળતા મેળવી છે.

જો કે આ યોજના અંતર્ગત હજુ પણ નવા ખાતાઓ ખોલવાની કામગીરી ચાલુ હોવાનું બેંકોના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જનધન યોજના અંતર્ગત જે ખાતાઓ ખુલ્યા તેમાં ખાનગી બેંકોએ ઓછો રસ દાખવ્યો છે. તેમજ કેટલીક બેંકો એવી છે જે બેંકોમાં ૧૦૦ ખાતા પણ આ સમયગાળા દરમ્યાન ખુલ્યા નથી.

એક બેંકમાં માત્ર ૧૧ જ ખાતા ખુલ્યા હોવાની ચોંકાવનારી હકીકત પણ બહાર આવવા પામી છે.

બિન સત્તાવાર વિગતો પ્રમાણે જનધન યોજનામાં '૦' બેલેન્સથી ખાતા ખોલાવનારાઓની સંખ્યા મોટી છે. જો કે આ યોજના અંતર્ગત ખાતા ખોલાવનારાઓએ ૧૫ લાખ જેટલી રકમ પણ અત્યાર સુધીમાં જમા કરાવી હોવાનું પણ બેંકના સૂત્રોએ કહ્યું છે.

દરમ્યાન આજે મહાત્મા ગાંધી મંદિર ખાતે ફાયનાન્સીયલ ઈન્કલુઝમ પ્રોગ્રામનો રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર યોજાઈ રહ્યો છે. બેંકોના મહત્વના અધિકારીઓ તેમજ નાણાં વિભાગના ભારત સરકારના અને રાજ્ય સરકારના અધિકારીઓ તેમજ આર.બી.આઈ.ના પણ ટોચના અધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે.

આ સેમિનારમાં હાજરી આપવા માટે આવી રહેલા કેટલાક અધિકારીઓ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જઈ ખાતાં ખુલ્યા કે નહિ, બેંકોમાં તકલીફ પડે છે કે કેમ જેવી બાબતોની ચકાસણી કરનાર હોવાનું પણ જાણવા મળેલ છે.




# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ


સ્વ. ઠાકોર સાહેબશ્રી સંગ્રામસિંહ નટવરસિંહ
સ્વ. તા. ૯/૧૨/૨૦૧૩

આપનો માયાળુ સ્વભાવ, ધર્મનિષ્ઠ, કર્મનિષ્ઠ, પરોપકારી સમભાવના, આપની કુટુંબ પ્રત્યેની અપાર વાત્સલ્યતા, ગુણોની સુવાસ એવી પથરાવી કે, આપવું એ જ આપનો જીવનમંત્ર હતો. આપનું સ્થાન અમારા જીવનમાં દેવમૂર્તિની જગ્યા જેવું પવિત્ર છે. આપના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિર શાંતિ આપે એ જ પ્રાર્થના

લિ.
વડાગામ ગ્રામ પંચાયત
તથા ગ્રામજનો